
ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગાંધીનગર કોઈનો ગઢ બન્યું નથી








## શહેરના ૫ દાયકાના આયખામાં યોજાયેલ ૧૦ ચૂંટણીઓમાં ૪ વખત કોંગ્રેસ, ૪ વખત ભાજપ અને ૨ વખત જનતાપક્ષ વિજયી બન્યા હતા : મંત્રીમંડળમાં જિલ્લાના ૩ ધારાસભ્યને સ્થાન મળ્યુ હતુ જેમાં સ્વ. નરેન્દ્રસિંહ ઝાલા, સ્વ. કાસમબાપુ અને વાડીભાઈ પટેલનો સમાવેશ થયો હતો : ૫૦ વર્ષમાં સૌથી વધુ સરસાઈનો વિક્રમ હજુ ડૉ. સી.જે. ચાવડાના નામે છે

ગાંધીનગર, તા. ૧૫

પાટનગર ગાંધીનગરના ૫૦ વરસના આયખામાં કોઈ રાજકીય પક્ષનો ગઢ બન્યુ નથી. ૧૯૭૦થી ગાંધીનગરમાં વસવાટ આરંભાયો હતો. ૧૯૭૨થી ૨૦૧૨ સુધી વિધાનસભાની યોજાયેલ ૧૦ ચૂંટણીઓમાં ૪ વખત કોંગ્રેસ, ૪ વખત ભાજપ અને ૨ વખત જનતા પક્ષ વિજયી બન્યુ હતુ. કોંગ્રેસ અને ભાજપના ૨ જિગ્ગજ નેતાઓ ૨ વખત જીત્યા છે અને ૨ વખત હાર્યા છે. પૂર્વ પંચાયતમંત્રી સ્વ. કાસમબાપુ ગાંધીનગર બેઠક પર ૪ વખત ચૂંટણી લડ્યા જેમાં તેઓ ૨ વખત જીત્યા અને ૨ વખત હાર્યા હતા. એજ રીતે ભાજપના જિલ્લાના જિગ્ગજ નેતા અને પૂર્વ સહકાર મંત્રી પણ ૪ વખત ચૂંટણી લડ્યા એમાં ૨ વખત હાર્યા અને ૨ વખત જીત્યા છે. જનતા પક્ષના અગ્રણી પોપટલાલ પટેલ ૨ વખત ચૂંટણી લડ્યા. એક વખત જીત્યા અને ૧ વખત હાર્યા. જનતાપક્ષના એવાજ અગ્રણી સ્વ. જેઠાભાઈ પટેલ ૨ વખત ચૂંટણી લડ્યા જેમાં ૧ વખત જીત્યા અને ૧ વખત હાર્યા. ભાજપના અગ્રણી નવીનભાઈ પટેલ ૩ વખત ચૂંટણી લડ્યા અને ત્રણેય વખત હાર્યા હતા. કોંગ્રેસના દિગ્ગજ નેતા ડૉ. સી.જે. ચાવડા પણ ૨ વખત ચૂંટણી લડ્યા. ૧ વખત જીત્યા અને ૧ વખત હાર્યા. જ્યારે કોંગ્રેસના પૂર્વ નાગરીક પુરવઠા મંત્રી સ્વ. નરેન્દ્રસિંહ ઝાલા એક જ વખત લડ્યા અને જીત્યા. એજ રીતે તત્કાલીન ધારાસભ્ય અશોક પટેલ ૧ વખત લડ્યા અને જીત્યા હતા. આમ ગાંધીનગર બેઠકનો રાજકીય ઈતિહાસ રસપ્રદ અને રોમાંચક રહ્યો છે.

### ૫૦ વર્ષમાં યોજાયેલી દસ ચૂંટણીનાં પરિણામો

| વર્ષ | વિજય ઉમેદવાર | પરાજીત ઉમેદવાર | ત્રીજા ઉમેદવાર | સરસાઈ |
|---|---|---|---|---|
| ૧૯૭૨ | નરેન્દ્રસિંહ ઝાલા (કોંગ્રેસ) | મોતીભાઈ પટેલ (સંસ્થા કોંગ્રેસ) | વાડીભાઈ પટેલ (જનસંઘ) | ૫૧૯૮ |
| ૧૯૭૫ | જેઠાભાઈ પટેલ (જનતા મોરચો) | ભીખુભા ઝાલા (કોંગ્રેસ) | કાન્તિભાઈ પટેલ (કિમલોપ) | ૧૫૮૧૧ |
| ૧૯૮૦ | કાસમબાપુ (કોંગ્રેસ | નવિનભાઈ પટેલ (ભાજપ) | જેઠાભાઈ પટેલ (જનતાપક્ષ) | ૧૭૨૦૫ |
| ૧૯૮૫ | કાસમબાપુ (કોંગ્રેસ) | પોપટલાલ પટેલ (જનતાપક્ષ) | સેંધાજી ઠાકોર (ભાજપ) | ૧૨૧૦૫ |
| ૧૯૯૦ | પોપટલાલ પટેલ (જનતાદળ) | કાસમબાપુ (કોંગ્રેસ) | સેંધાજી ઠાકોર (અપક્ષ)<br>નવિનભાઈ પટેલ (ભાજપ) | ૫૪૦૪ |
| ૧૯૯૫ | વાડીભાઈ પટેલ (ભાજપ) | કાસમબાપુ (કોંગ્રેસ) | પ્રતાપજી ઠાકોર (અપક્ષ) | ૨૩૭૭ |
| ૧૯૯૮ | વાડીભાઈ પટેલ (ભાજપ) | કેસરીસિંહ વાઘેલા (રાજપા) | કાસમબાપુ (કોંગ્રેસ) | ૧૨૪૩૪ |
| ૨૦૦૨ | ડૉ. સી.જે. ચાવડા (કોંગ્રેસ) | વાડીભાઈ પટેલ (ભાજપ) | અશોક એચ. પટેલ (વકીલ) (અપક્ષ) | ૨૦૦૨૫ |
| ૨૦૦૭ | શંભુજી ઠાકોર (ભાજપ) | ડૉ. સી.જે. ચાવડા (કોંગ્રેસ) | રાકેશ પાન્ડે (બહુજન સ.પા.) | ૩૭૪૮ |
| ૨૦૧૨ | અશોક આર. પટેલ (ભાજપ) (ગાંધીનગર દક્ષિણ) | સુરેશ પટેલ (કોંગ્રેસ) | ચિરાગ પરીખ (બસપા) | ૪૨૨૫ |
| ૨૦૧૨ | શંભુજી ઠાકોર (ભાજપ) | જુગાજી ઠાકોર (કોંગ્રેસ) | શૈલેષભાઈ પટેલ (પરિવર્તન પાર્ટી) | ૮૦૧૧ |

ગાંધીનગરના ધારાસભ્યોને ૩ વખત મંત્રીમંડળમાં સ્થાન મળ્યુ છે. સ્વ. નરેન્દ્રસિંહ ઝાલા, સ્વ. કાસમબાપુ અને વાડીભાઈ પટેલ મંત્રીમંડળમાં સ્થાન પામ્યા હતા. ૧૯૭૨થી ૨૦૦૭ સુધી ગાંધીનગર બેઠક સમગ્ર શહેર અને તાલુકાને આવરી લેતી હતી. જ્યારે બે નવા સીમાંકન મુજબ ૨૦૧૨થી ગાંધીનગરની ૨ બેઠક થતાં રાજકીય સમીકરણો પણ બદલાતા રહ્યા છે. હવે ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ) એમ બે બેઠકો રચાઈ છે. ગાંધીનગર બેઠક પર કોઈ અપક્ષ ઉમેદવાર હજુ સુધી જીતી શક્યુ નથી. જો કે ભાજપમાંથી બળવો કરી અપક્ષ ચૂંટણી લડનાર સેંધાજી ઠાકોર, કોંગ્રેસમાંથી બળવો કરી અપક્ષ ચૂંટણી લડનાર પ્રતાપજી ઠાકોર અને છેલ્લે ભાજપમાંથી અપક્ષ ઉમેદવાર બનનાર અશોકભાઈ વકીલને નોંધપાત્ર મતો પ્રાપ્ત થયા હતા. જે પરિણામોમાં અસરકર્તા બન્યા હતા. આ ઉપરાંત કિમલોપમાંથી ઉમેદવારી કરનાર સ્વ. કાંતિભાઈ પટેલ (પંચવટી ફાર્મ) અને રાજપામાંથી ઉમેદવારી કરનાર કેસરીસિંહ વાઘેલા નોંધપાત્ર મત મેળવી શક્યા હતા, પરંતુ વિજય સુધી પહોંચી શક્યા નહોતા.

આમ ગાંધીનગરની રાજકીય સફર હંમેશા રોમાચંક જ રહી છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા ૧૦માંથી ૮ વખત થઈ છે. જ્યારે ૨ વખત જનતાપક્ષ અને કોંગ્રેસ વચ્ચે થઈ હતી. છેલ્લા પચાસ વર્ષની ૧૦ ચૂંટણીમાં સૌથી વધુ સરસાઈથી ડૉ. સી.જે. ચાવડા (કોંગ્રેસ) ૨૦૦૨૫ મતોથી જીત્યા હતા અને તે વિક્રમ હજુ સુધી કાયમ છે. જ્યારે સૌથી ઓછી સરસાઈ વાડીભાઈ પટેલ ૧૯૯૫માં ૨૩૭૭ મતથી જીત મેળવી હતી.

# એકબીજાને પ્રેમ કરો માતાપિતાની સેવા કરો એનું નામ જ વિકાસ : જેકી શ્રોફ



ગાંધીનગર, તા ૧૬

એકબીજાને માન આપો અને પ્રેમ કરો.... માતાપિતાનો આદર અને સેવા કરો ..એનુ નામ જ વિકાસ...તેમ જણાંવતા બોલીવુડના અભિનેતા જેકી શ્રોફે ગાંધીનગરના આંગણે વિશ્વના સૌથી મોટા સિરામિક એકસપોનુ ઉદઘાટન કરતી વેળાએ વધુમાં ઉમેર્યુ હતુ કે ગુજરાતમાં વિકાસ સારો થયો છે. આગામી દિવસોમાં ગુજરાતમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ પણ વિકસાવાનુ કામ પણ પુર્ણ થશે તેવો આશાવાદ પણ તેમણે વ્યક્ત કર્યા હતો. જેકી શ્રોફે સિરામિક ઉદ્યોગની પ્રસંશા કરતા જણાંવ્યુ હતુ કે સિરામિક ક્ષેત્રે મોરબીનુ વિશેષ યોગદાન છે. ત્યારે નજીકના દિવસોમાં ચાઈનાને પાછળ છોડી મોરબી પ્રથમ ક્રમે આવી જશે. હાલમાં ચાલી રહેલા ફિલ્મ પદમાવતીના વિરોધ અંગે તેમણે કોઈ પણ ટિપ્પણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. સિરામિક ઉદ્યોગના આંગણે ઉભા બોલીવુડના આ અભિનેતાએ ગુજરાતી ફિલ્મોમાં કામ કરવાની પ્રબળ ઈચ્છાનો પણ ખુલ્લા મને અકરાર કર્યો હતો. તેમને તક મળે તો ચોકક્સ ગુજરાતી કલાકારની ભુમિકા અદા કરવા તેઓ તત્પર છે તેમ તેમણે જણાવ્યું હતુ.

# જિલ્લામાં નોંધાયેલા મતદારો ૧૧ લાખ ૭૧ હજાર

## ૨૧ સ્ટેટેસ્ટીક સર્વેલન્સ ટીમો કાર્યરત : ૪૩ સીડી વિડીયો વ્યુઅર્સ ટીમે નિહાળી છે

## પ્રથમ પૂરવણી મતદાર યાદીમાં ગાંધીનગર (ઉ)માં સૌથી વધુ મતદારો વધ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ૨૫-૯-૨૦૧૭ની સ્થિતિએ નોંધાયેલ મતદારોની સંખ્યા ૧૧,૭૧,૬૨૫ છે તેમ અધિક નિવાસી કલેક્ટર હનુમંતસિંહજી જાડેજાએ આજે જણાવ્યુ હતુ.

પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે ૬,૦૨,૯૫૩ પુરૂષ મતદારો છે અને ૫,૬૮,૬૪૭ મહિલા મતદારો છે. મતદાર યાદીની પ્રસિદ્ધિ પછી ૨૫-૯-૧૭ સુધીમાં ૨૧૭૮ વધ્યા છે. મતદાર યાદીની પ્રસિદ્ધિ થયા પછીની પૂરવણી મતદાર યાદી જે ૨૫-૯-૧૭ સુધીની તૈયાર કરાઈ તેમાં ગાંધીનગર (ઉ) વિધાનસભા મત વિસ્તારમાં સૌથી વધુ ૭૪૩ મતદારો વધ્યા છે. આ પછી ગાંધીનગર (દ)માં ૬૨૨, દહેગામમાં ૩૩૩, માણસામાં ૨૦૪ અને કલોલમાં ૨૭૬ નવા મતદારો નોંધાયેલા છે.

તેમણે જણાવ્યુ છે કે ૨૫-૯-૧૭થી ૧૬-૧૧-૧૭ સુધી મતદારો નોંધવાની કામગીરી ચાલી હતી. જેની ચકાસણી અને મતદારયાદીની બીજી પૂરવણી યાદી એકાદ સપ્તાહમાં તૈયાર થઈ જશે. તેમણે જણાવ્યુ હતુ કે સ્ટેટેસ્ટીક સર્વેલન્સ માટે ૨૧ ટીમો કાર્યરત કરી દેવામાં આવી છે. જેમાં દહેગામમાં ૩, ગાંધીનગર (દ)માં ૬, ગાંધીનગર (ઉ)માં ૩, માણસામાં ૩ અને કલોલ મતદાર વિભાગમાં ૬ ટીમોનો સમાવેશ થાય છે.

પત્રકારોના એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે ઈ.વી.એમ.નું ટેન્ડમાઈઝેશન કરી ચૂંટણી અધિકારીઓને ફાળવી દેવામાં આવ્યા છે. તેમણે અન્ય એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે વિડીયો વ્યુવીંગ ટીમે ૪૨ જેટલી વિડીયો સીડી જોઈ છે અને તેમાં ક્યાંય આચારસંહિતાનો ભંગ થતો હોય તેમ જણાયુ નથી.

### જિલ્લામાં ૩ પૂરક મતદાન મથક બનશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં મતદારોની વૃદ્ધિ થયા પછી ૩ પૂરક મતદાન મથકો ઉભા કરવામાં આવનાર છે.

અધિક નિવાસી કલેક્ટર જાડેજા અને ના.જિ. ચૂંટણી અધિકારી ઠક્કરે જણાવ્યુ હતુ કે પૂરક મતદાન મથકની દરખાસ્તને મંજૂરી પંચ તરફથી મળી ચૂકી છે.

આ ત્રણ પૂરક મતદાન મથકો પૈકી બે ગાંધીનગર (દ)માં તથા એક દહેગામ વિધાનસભા મતદાર વિભાગમાં ઉભા કરવામાં આવશે. ગાંધીનગર (દ)માં સરગાસણ અને ચાંદખેડા ખાતે તેમજ દહેગામમાં એક મતદાન મથકને પરક મતદાન મથકની મંજૂરી મળી છે.

જિલ્લામાં અગાઉ ૧૩૩૯ મતદાન મથક હતા હવે ૩ પૂરક મતદાન મથક ઉમેરાતા કુલ સંખ્યા ૧૩૪૨ થઈ છે.

### જિલ્લામાં ૭ હજારથી વધુ કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ૭ હજાર કર્મચારીઓ ચૂંટણી વિષયક ફરજોને કારણે પોસ્ટલ બેલેટથી તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

અધિક નિવાસી કલેક્ટર જાડેજાએ આજે પત્રકારોને જણાવ્યુ હતુ કે કર્મચારીઓ પાસેથી આ અંગેની અરજીઓ માંગવામાં આવી રહી છે અને તે બધી જ અરજીઓ પછી આ અંગેનો આંકડો આખરી થશે.

તેમણે જણાવ્યુ હતુ કે રૂટમાં આવનાર બસોના ડ્રાયવર-કંડકટર, વિવિધ ગાડીઓના ડ્રાયવર, ચૂંટણી ફરજ પરના પોલીસ કર્મી, ચૂંટણી ફરજ પરના અધિકારીઓ બધા પાસેથી આ અરજીઓ માંગવામાં આવી છે.

# ગાંધીનગર ઉત્તર બેઠક પરથી કોલવડાના ગુણવંત પટેલ 'આપ'ના ઉમેદવાર

## ગાંધીનગરમાં બંધ થઈ રહેલી સરકારી શાળાઓના મુદ્દે આંદોલન છેડનાર ખેડૂત ગુણવંત પટેલ વીઆઈપી કલ્ચરનો ખાત્મો કરવા માંગે છે

ગાંધીનગર, તા. ૧૬

આમ આદમી પાર્ટીએ ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. 'આપ'ના ગુજરાત ચૂંટણી પ્રભારી તથા દિલ્હીના કેબીનેટ મંત્રી ગોપાલ રાયે અમદાવાદ ખાતે પત્રકાર પરીષદ યોજીને જાહેર કરેલી બીજી યાદીમાં બીજા ૧૦ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં ગાંધીનગર ઉત્તર બેઠક પરથી કોલવડા ગામના ખેડૂત ગુણવંતભાઈ પટેલને ઉભા રાખવામાં આવતા રાજકીય ગરમાવો જામ્યો છે.



આમ આદમી પાર્ટીને ૧૦૦થી વધુ વિધાનસભા બેઠકો માટે સારા ઉમેદવારોની એપ્લીકેશન મળી છે. 'આપ'ની ચૂંટણી કમીટી દરેક ઉમેદવારોના ફોર્મનુંઅવલોકન કરી રહી છે. ગોપાલરાયના જણાવ્યાનુસાર વધુ બેઠકો લડવી કે કેમ તે અંગે પાર્ટી આગળના સમયમાં વિચાર કરશે. તો બીજી તરફ 'આપ' દ્વારા ૧૦ ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદ આજે ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. જેમાં વધુ ૧૦ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. ગાંધીનગર ઉત્તર ઉપરાંત આ યાદીમાં બોટાદ, કતારગામ, રાજકોટ ઈસ્ટ, સુરત ઈસ્ટ, કારંજ, પાલનપુર, ગાંધીધામ, જામનગર રૂરલ અને બાપુનગર સહિત ૧૦ બેઠકોના ઉમેદવારોના નામ જાહેર થયા છે. જેમાં ગાંધીનગર ઉત્તર બેઠક પરથી કોલવડા ગામના ખેડૂત ગુણવંતભાઈ પટેલના નામની જાહેરાત કરવામાં આવી છે. ગુણવંત પટેલ 'આપ'ની સ્થાપનાથી પાયાના કાર્યકર રહ્યા છે. ગાંધીનગરમાં 'આપ'નો વ્યાપ વધારવાનું કાર્ય પણ તેમના નેતૃત્વમાં થયુ છે. ગાંધીનગરમાં બંધ થઈ રહેલી સરકારી શાળાઓ સામે આંદોલન કર્યા ઉપરાંત સાણંદ અત્યાચાર બાદ પાર્ટી દ્વારા કરવામાં આવેલા કિશાન આંદોલન, કરમદીયા ખેડૂત આંદોલન જેવા આંદોલનમાં પણ તેમની ભૂમિકા રહી છે.

### ગાંધીનગરના સહકારી આગેવાન

# પરેશભાઈ પટેલને દસક્રોઈમાંથી કોંગ્રેસની ટીકીટ મળવાની શકયતા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના જાણીતા સહકારી અગ્રણી અને યુવક કોંગ્રેસના પૂર્વ પ્રમુખ પરેશ પટેલને અમદાવાદની દસક્રોઈ બેઠક પર કોંગ્રેસની ટીકીટ મળવાની શકયતાઓ વધી રહી છે. શ્રી પરેશ પટેલ છેલ્લા બે દાયકાથી યુવક કોંગ્રેસ અને પ્રદેશ કોંગ્રેસના માળખામાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે ત્યાર તેમના મતવિસ્તાર દસ્ક્રોઈ વિધાનસભા બેઠક પર પ્રબળ દાવેદારી કરી ટીકીટ મેળવવામાં અગ્ર ક્રમે છે.



ગાંધીનગર ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર, સેકટર-૨૧ના પ્રમુખ પદે પણ તેમણે સેવાઓ આપી હતી. આ ઉપરાંત ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના પ્રમુખપદે તેમની કામગીરી નોંધપાત્ર રહી હતી. કૃષિ લક્ષી સહકારી મંડળીઓમાં તેમનું કાર્ય રાષ્ટ્રીય સ્તર સુધી ગણનાપાત્ર છે. કૃભકોના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં પણ છેલ્લા એક દાયકાથી તેઓ સેવા આપી રહ્યા છે. ગાંધીનગર સહિત દસક્રોઈ અને સહકારી ક્ષેત્રમાં વિશાળ મિત્ર સમુદાય ધરાવતા પરેશ પટેલને ટીકીટ મળવાની શકયતાઓ વધી રહી છે.

# મતદાન જાગૃતિ માટે કોર્પોરેશનની પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમનો ઉપયોગ થતો નથી

ગાંધીનગર તા ૧૬

વિધાનસભાની ચુંટણી નજીકમાં છે. ત્યારે રાજકીય પક્ષોએ પોતાની તરફ મતદાન થાય તે માટે પ્રચાર ઝુંબેશ તેજ બનાવી છે. ચુંટણી પ્રક્રીયાને વધુ પારદર્શક બનાવવા વી વી પેટનો ઉપયોગ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોઈપણ નાગરિક મતાધિકારથી વંચિત ન રહે તે માટે મતદાર જાગૃતિ અભિયાન પણ હાથ ધરાયુ છે. શાળાકક્ષાએ પણ વિવિધ સ્પર્ધાઆ યોજવામાં આવી રહી છે. મતદારોને જાગૃત કરવા માટે પ્રભાતફેરી , રેલી સહીત નિંબધ અને ચિત્ર સહીતની જુદી જુદી સ્પર્ધાઓનુ પણ અયોજન કરવામાં આવી રહયુ છે. શહેરમાં પણ મતાધિકારનો ઉપયોગ કરવા માટે પ્રત્યેક નાગરિક જાગૃત રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહયો છે. પરંતુ સેકટરોમાં મહાનગરપાલિકા દ્વારા મુકવામાં આવેલી પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ મતદાર જાગૃતિ માટે કોઈ ઉપયોગમાં આવી નથી. આડા દિવસોમાં સરાકારી વાતો અને જાહેરાતો કરવામાં ઉપયોગમાં લેવાતી આ સિસ્ટમ શોપિંગ વિસ્તારમાં ગાજતી જોવા મળે છે. નાગરિકોએ વેરો ભરવા માટે પણ ઢંઢોળવાનો પ્રયાસ કરવામાં આવે છે. પરંતુ ચુંટણી માથે છે.ત્યારે મતદાન માટે પ્રત્યેક નાગરિક જાગૃત થાય તે દિશામાં પ્રયાસ હાથ ધરવાની સાથે શાળાના વિદ્યાર્થીઓ અલબત્ત ભાવિ નાગરિકોને પણ આ અભિયાનમાં જોડવામાં આવ્યા છે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com